eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 92
March 2, 2007

## શહેરના યુવકોને રોજગાર મળે એ હેતુથી તા. ૨૧–૨–૨૦૦૭ના રોજ 'ઉમ્મિદ' નામનો વ્યવસાયલક્ષી કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા રાજય સરકાર અને એન.જી.ઓ.ના સહકારથી શહેરના યુવકોને રોજગાર મળે એ હેતુથી " ઉમ્મિદ " નામનો વ્યસાયલક્ષી તાલીમની સાથે પ્લેસમેન્ટ મળી રહે તે માટે વિશિષ્ટ પ્રકારના પ્રોજેકટનો શુભારંભ તા.૨૧–૨–૨૦૦૭ના રોજ એન.જી.ઓ. કેપ ધ્વારા યોજવામાં આવેલ પ્રેઝન્ટેશનમાં જી.યુ.ડી.એમ.ના એ.સી.ઈ.ઓ. શ્રી મહેન્દ્રસિંગે યોજનાની વિગતો આપતા જણાવ્યું કે, શહેરોના વિકાસમાં પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ કરવાની સાથે સાથે શહેરીજનોનું સામાજિક સ્તર સુધારી સ્વમાનભેર જીવી શકે એ માટેનું ઘડતર કરવું જરૂરી હોય, એ દિશામાં સરકાર તેમજ મહાનગરપાલિકાઓએ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી શહેરના યુવાધન ધોરણ–૭ થી ગ્રેજયુએટ થયેલા ૧૮ થી ૨૫ વર્ષના બેરોજગાર, અર્ધ કુશળ યુવાનોને તેમના રસ અને વર્તમાન સમયની જરૂરીયાતને અનુલક્ષીને કુલ ૩ (ત્રણ) માસની કૌશલ્ય તાલીમ આપવામાં આવશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સરથાણા નેચરપાર્ક ખાતે તા. ૨૧–૨–૨૦૦૭ના રોજ અતિલુપ્ત જાતિના વિવિધ જાનવરો જેવા કે સિંહ અને રીંછોનું આગમન

ભગવાન બિરસા મુન્ડા બાયોલોજીકલ પાર્ક, રાંચી, ઝારખંડથી ૧ જોડી સિંહ અને ૧ જોડી રીંછ તા.૨૧–૨–૨૦૦૭ના રોજ આવ્યા, ઝરખ પ્રાણીની ૧ જોડી આવવાની તૈયારીમાં તેમજ સરથાણા નેચરપાર્ક ૧ માદા દિપડી રાંચી ઝુ ને આપશે. સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લીમીટેડ, ભિલાઈના પ્રાણી સંગ્રહાલયથી સફેદ વાઘની જોડી ટૂંક સમયમાં સુરત નેચરપાર્ક ખાતે આવશે.



વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત તા. ૨૬–૨–૨૦૦૭ના રોજ રાંદેર ઝોન વોર્ડ નં. ૧૪ અડાજણ(વેસ્ટ) વિસ્તારમાં સફાઈ અભિયાન ઝુંબેશ



તા. ૨૬–૨–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ગામ ફાયર સ્ટેશન પાછળની ઝુંપડપટ્ટી રેવાનગર, ભગવતીનગર તેમજ પાલનપુર જકાતનાકા પાસે આવેલ એકતાનગર ઝુંપડપટ્ટીમાં નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ જેમાં સ્થાનિક મ્યુ. સદસ્યશ્રી મુકેશભાઈ દલાલ તેમજ પારૂલબેન ભારતી હાજર રહેલ હતા. રાંદેર ઝોનના ઝોનલ ચીફ કાર્યપાલક ઈજનેરશ્રી તથા આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ–સફાઈ કરાવી, જંતુનાશક પાવડર દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં તા. ૨૭–૨–૨૦૦૭ના રોજ 'સરોજીની નાયડુ શાકમાર્કેટ' નું સફળ આયોજન

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી.૧૩ (અડાજણ)માં એલ.પી.સવાણી રોડ થી પાલનપુર જકાતનાકા જતાં મંગલદિપ એપાર્ટમેન્ટ, મંગલતીર્થ એપાર્ટમેન્ટ અને વૃંદાવન, સંત જ્ઞાનેશ્વર, દિનદયાળ સોસાયટી, હિદાયતનગર વિગેરે અનેક સોસાયટીઓ પાસેથી જતાં ૮૦'ના મુખ્ય માર્ગ ઉપર શાકભાજીવાળા ફેરીયાઓનું નિયમિત દબાણ રહેતુ હતું. આ વિસ્તારનો ખુબ જ વિકાસ થવાથી અને અનેક નવી સોસાયટીઓ તથા એપાર્ટમેન્ટ બનવાથી આ વિસ્તારની આશરે ૫૦૦૦૦થી વધુ જનતાને શાકભાજી માર્કેટની જરૂર હતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન



નિર્મળ ગુજરાત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન પદાધિકારીઓ, અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી, ઉદ્યાન સમિતિના ચેરમેનશ્રી તથા ઝોનના મ્યુ. સભ્યશ્રીઓએ ઝોનના ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને કતારગામ ગામ તળ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ વિટામીન ' એ ' ના બાય એન્યુઅલ રાઉન્ડનો ઉદ્‌ઘાટન સમારંભ

ભારત સરકારના આદેશ મુજબ વિટામીન 'એ'ના બાય એન્યુઅલ રાઉન્ડ માહે ફેબ્રુઆરી તથા માહે ઓગષ્ટ દરમ્યાન યોજવામાં આવે છે. વિટામીન 'એ' રોગ પ્રતિકારક શકિત વધારે છે. બાળકોની આંખો સ્વસ્થ રાખવા અને તેમના શારીરિક વિકાસ અને વૃધ્ધિ માટે વિટામીન 'એ' જરૂરી છે. જેથી ૧ થી ૩ વર્ષ સુધીના તમામ બાળકોને દર વર્ષે વિટામીન 'એ' ના ડોઝ ફેબ્રુઆરી તથા ઓગષ્ટ માસમાં પીવડાવવામાં આવે છે. જે આ રાઉન્ડનો હેતુ છે.



વધુ માટે કલીક કરો >>>>>>

## શહેરના યુવકોને રોજગાર મળે એ હેતુથી તા. ૨૧–૨–૨૦૦૭ના રોજ 'ઉમ્મિદ' નામનો વ્યવસાયલક્ષી કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા રાજય સરકાર અને એન.જી.ઓ.ના સહકારથી શહેરના યુવકોને રોજગાર મળે એ હેતુથી " ઉમ્મિદ " નામનો વ્યસાયલક્ષી તાલીમની સાથે પ્લેસમેન્ટ મળી રહે તે માટે વિશિષ્ટ પ્રકારના પ્રોજેકટનો શુભારંભ તા.૨૧–૨–૨૦૦૭ના રોજ એન.જી.ઓ. કેપ ધ્વારા યોજવામાં આવેલ પ્રેઝન્ટેશનમાં જી.યુ.ડી.એમ.ના એ.સી.ઈ.ઓ. શ્રી મહેન્દ્રસિંગે યોજનાની વિગતો આપતા જણાવ્યું કે, શહેરોના વિકાસમાં પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ કરવાની સાથે સાથે શહેરીજનોનું સામાજિક સ્તર સુધારી સ્વમાનભેર જીવી શકે એ માટેનું ઘડતર કરવું જરૂરી હોય, એ દિશામાં સરકાર તેમજ મહાનગરપાલિકાઓએ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી શહેરના યુવાધન ધોરણ–૭ થી ગ્રેજયુએટ થયેલા ૧૮ થી ૨૫ વર્ષના બેરોજગાર, અર્ધ કુશળ યુવાનોને તેમના રસ અને વર્તમાન સમયની જરૂરીયાતને અનુલક્ષીને કુલ ૩ (ત્રણ) માસની કૌશલ્ય તાલીમ આપવામાં આવશે. તાલીમ પૂર્ણ કર્યા બાદ તેઓને રોજગારી આપવાનું લક્ષ્ય છે. આ પ્રોજેકટ હેઠળ ગુજરાત રાજયમાં ૧,૫૦,૦૦૦ જેટલી રોજગારી ઉભી કરવાનો લક્ષ્યાંક છે. જેમાંથી પ્રથમ વર્ષે સુરત શહેરમાં ૨૦૦૦ જેટલી રોજગારી ઉભી કરવાનું આયોજન છે. આ સપનું સાકાર, સ્વૈચ્છિક સંસ્થા અને મહાનગરપાલિકાના સઘન પ્રયાસોથી શકય બનશે જેમાં કોઈ બેમત નથી.



આ તાલીમ કાર્યક્રમમાં તાલીમાર્થીઓની માનસિક કસોટી ધ્વારા તેઓની કુશળતાનો તાગ મેળવી તેને અનુલક્ષીને તેઓને તાલીમ આપવામાં આવશે, વધુમાં આ તાલીમ કાર્યક્રમમાં થનાર ખર્ચની માહિતી આપતા તેમણે જણાવ્યું કે, રૂા.૩૫૦૦/– તાલીમાર્થી દિઠ ખર્ચ થશે. તેમાં રૂા.૧૦૦૦/– રાજય સરકાર, રૂા.૧૦૦૦/– સુરત મહાનગરપાલિકા રૂા.૧૦૦૦/– સ્થાનિક એન.જી.ઓ. અથવા રાજય સરકાર અને રૂા.૫૦૦/– તાલીમાર્થીઓને ભોગવવાનું આયોજન છે.

'કેપ' ફાઉન્ડેશનના પ્રોજેકટ ડાયરેકટર શ્રીમતિ માધુરીબહેને સમગ્ર તાલીમ કાર્યક્રમની વિગતો રજુ કરી હતી, આસી. કમિશ્નરશ્રી સી. વાય. ભટ્ટે પ્રોજેકટના અનુસંધાનમાં સુચનો રજુ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે " ઉમ્મિદ " પ્રોજેકટ વધુ અસરકારક રીતે સ્લમ અને સ્લમ લાઈક વિસ્તારના લોકોને વધુમાં વધુ લાભ મળે તે માટેના જરૂરી સુચનો કર્યા હતા. આ પ્રસંગે યુ.સી.ડી. વિભાગના ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસરશ્રી પી. એમ. નાયક, શ્રીમતિ રક્ષાબેન પરમાર, ઈન્વેસ્ટીગેટર શ્રીમતિ કવિતાબેન દેસાઈ તથા તમામ સમાજ સંગઠકો તેમજ વલસાડ, નવસારી, અંકલેશ્વર, આણંદ અને વાપી નગરપાલિકાના પ્રતિનિધિઓ હાજર રહયા હતા. સુરત મહાનગરપાલિકાના મા. કમિશ્નરશ્રી પંકજ જોષી આ સમગ્ર પ્રોજેકટ ઝડપી કાર્યરત કરવા માટે પ્રયત્નશીલ છે.

TOP

# સરથાણા નેચરપાર્ક ખાતે તા. ૨૧–૨–૨૦૦૭ના રોજ અતિલુપ્ત જાતિના વિવિધ જાનવરો જેવા કે સિંહ અને રીંછોનું આગમન



ભગવાન બિરસા મુન્ડા બાયોલોજીકલ પાર્ક, રાંચી, ઝારખંડથી ૧ જોડી સિંહ અને ૧ જોડી રીંછ તા.૨૧–૨–૨૦૦૭ના રોજ આવ્યા, ઝરખ પ્રાણીની ૧ જોડી આવવાની તૈયારીમાં તેમજ સરથાણા નેચરપાર્ક ૧ માદા દિપડી રાંચી ઝુ ને આપશે. સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા લીમીટેડ, ભિલાઈના પ્રાણી સંગ્રહાલયથી સફેદ વાઘની જોડી ટૂંક સમયમાં સુરત નેચરપાર્ક ખાતે આવશે.

ભારત સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલયની સંસ્થા નામે સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ન્યુ દિલ્હીએ સરથાણા નેચરપાર્ક, સુરતને ભગવાન બિરસા મુન્ડા બાયોલોજીકલ પાર્ક, રાંચી–ઝારખંડથી ૧ જોડી સિંહ અને ૧ જોડી રીંછ આપવા માટેનો આદેશ આપતા સદરહુ જાનવરોને લાવવા માટે પ્રાણી સંગ્રહાલયની કચેરીએ તાબડતોબ સુવ્યવસ્થિત મેન પાવર અને મશીનરીનું આયોજન ગોઠવેલ અને તે અનુસંધાનમાં ઝુ સુપ્રિન્ટેન્ડન્ટ ડો. મહેતાના નેતૃત્વ હેઠળ બે ટીમ બનાવી તા.૯–૨–૨૦૦૭ના રોજ રાત્રે સુરતથી રાંચી જવા રવાના થયેલ અને આશરે ૨૨૦૦ કિ.મી.ની ખૂબ જ લાંબુ અને કપરૂ અંતર કાપી ટીમ તા. ૧૨–૨–૨૦૦૭ના રોજ મોડી રાત્રે રાંચી ખાતે પહોંચેલ પરંતુ ત્યાંના ઉચ્ચ અધિકારીઓ ચુંટણીને કારણે અન્ય રાજયોમાં ગયેલ હોવાથી ટીમને જાનવર મેળવવામાં ૩–૪ દિવસ જેટલો સમય લાગેલ પરંતુ તે દરમ્યાન ટીમે આપવા જોગ જાનવરોનું સંપુર્ણ રીતે વર્તન, આપવામાં આવેલ ખોરાક, પશુ તબીબી સારવાર વિગેરેનો બારીકાઈથી નિરીક્ષણ કરેલ. તદુપરાંત ત્યાંથી ઝરખ પ્રાણીની જોડી સરથાણા નેચરપાર્ક માટે ઉપલબ્ધ થાય તે માટે ઉચ્ચ અધિકારીઓને રજુઆત કરતા તેઓશ્રીએ સરથાણા નેચરપાર્કને ૧ ઝરખ પ્રાણીની જોડી આપવા સહમત થયેલ પરંતુ ચીફ વાઈલ્ડ લાઈફ વોર્ડન અને સંબંધિત મંત્રીશ્રીઓને અનુપસ્થિતને લીધે વહીવટી મંજુરી સમયસર નહીં મળવાને લીધે ઝરખની જોડી નેચરપાર્ક ખાતે આવતા–આવતા રહી ગયેલ પરંતુ ટૂંક સમયમાં તેઓ તરફથી ૧ ઝરખની જોડી નિર્દેશક–રાંચી ઝુ તરફથી સુરત ખાતે મોકલી દેવામાં આવશે અને ઉપરોકત તમામ જાનવરો સરથાણા ઝુ ને આપવા બદલ સેન્ટ્રલ ઝુ ઓથોરીટીની પોલીસી " એનીમલ એક્ષચેન્જ પ્રોગ્રામ " હેઠળ સરથાણા ખાતે ઉપલબ્ધ પાંચ દિપડાઓ પૈકી ૧ માદા દિપડી પ્રાણીને રાંચી ઝુ ને ફાળવવા માટે સેન્ટ્રલ ઝુ ઓથોરીટી અને મહાનગરપાલિકાના સક્ષમ સત્તાધીશની મંજુરીથી ઉપલબ્ધ કરવામાં આવશે.

સરથાણા ખાતે લાવવામાં આવેલ જાનવરો પૈકી સિંહની જોડી જેના નામ બહાદુર અને સીતા જયારે રીંછની જોડીમાં શીતલ અને કુંતીનો સમાવેશ થાય છે. સદરહુ જાનવરોને ખૂબ જ લાંબુ અંતર કાપી તેમજ તેની સાથે રહેતા જાનવરોને છોડી નવા વાતાવરણમાં લાવવામાં આવેલ હોય, તેઓને પૂરતો આરામ તેમજ આપવાની રહેતી પશુચિકિત્સા સારવાર આપ્યા પછી જાનવરોને જાહેર જનતા માટે ખુલ્લા પીંજરાઓમાં પ્રદર્શિત કરવામાં આવશે. જાનવર લેવા માટે ગયેલ ટીમે વિવિધ રાજયોમાં આવતા પ્રાણી સંગ્રહાલયની પણ અભ્યાસ અર્થે અને નવી જાણકારી મેળવવા માટે મુલાકાત લીધેલ અને તેના ઝુ ડાયરેકટરો સાથે વિસ્તૃત ચર્ચા કરી, ત્યાં ઉપલબ્ધ વધારાના જાનવરો સુરત ઝુ ને આપવા માટે વાટાઘાટ કરેલ અને તેઓ તરફથી તેમના પ્રાણી સંગ્રહાલય ખાતે રાખવામાં આવેલ દુર્લભ અને લુપ્ત જાતિના વધારાના જાનવરો સુરત ઝુ ને મળે તે રીતની તૈયારી બતાવેલ. જેમાં નાગપુર ઝુ, ભિલાઈ ઝુ અને રાંચી ઝુ નો સમાવેશ થાય છે. આ લાંબા અંતરની કપરી યાત્રા અને જાનવરોને સુરક્ષિત અને સહી–સલામત રીતે રાંચીથી સુરત લાવવામાં ઝુ સ્ટાફે ખૂબ જ પરિશ્રમ ઉઠાવેલ. જેમાં ઝુ સુપ્રિ. ડો. મહેતા ઉપરાંત પ્રાણી સંગ્રહાલયના કયુરેટરશ્રી રાજેન્દ્ર પટેલ, એનીમલ કીપરશ્રી ધનસુખભાઈ, જીવણભાઈ, સોમાભાઈ, કબનભાઈ, જયંતીભાઈ, બચુભાઈ તેમજ ડ્રાઈવરો શ્રી હર્ષદભાઈ મોદી, ભૂપેન્દ્ર પટેલ, મહેશભાઈ, અસ્લમખાનનો સમાવેશ થાય છે. તેઓને તરફથી બજાવેલ સુંદર કામગીરીને બીરદાવી ઝુ સુપ્રિન્ટેન્ડન્ટશ્રીએ યાત્રા પુરી થતાં અભિનંદન પાઠવેલ.

TOP

# નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત તા. ૨૬–૨–૨૦૦૭ના રોજ રાંદેર ઝોન વોર્ડ નં. ૧૪ અડાજણ(વેસ્ટ) વિસ્તારમાં સફાઈ અભિયાન ઝુંબેશ

તા. ૨૬–૨–૨૦૦૭ના રોજ રાંદેર ઝોનમાં અડાજણ ગામ ફાયર સ્ટેશન પાછળની ઝુંપડપટ્ટી રેવાનગર, ભગવતીનગર તેમજ પાલનપુર જકાતનાકા પાસે આવેલ એકતાનગર ઝુંપડપટ્ટીમાં નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત સફાઈ અભિયાન રાખવામાં આવેલ જેમાં સ્થાનિક મ્યુ. સદસ્યશ્રી મુકેશભાઈ દલાલ તેમજ પારૂલબેન ભારતી હાજર રહેલ હતા. રાંદેર ઝોનના ઝોનલ ચીફ કાર્યપાલક ઈજનેરશ્રી તથા આસી. આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય કર્મચારીઓ ધ્વારા તળિયાઝાટક સાફ–સફાઈ કરાવી, જંતુનાશક પાવડર દવાનો છંટકાવ કરાવવામાં આવેલ છે. ખુલ્લા પ્લોટોમાંથી કચરાના ઢગલાનો નિકાલ તેમજ આરોગ્ય શિક્ષણની કામગીરી કરાવવામાં આવેલ છે.



TOP

# સુરત મહાનગરપાલિકાના રાંદેર ઝોનમાં તા. ૨૭–૨–૨૦૦૭ના રોજ 'સરોજીની નાયડુ શાકમાર્કેટ' નું સફળ આયોજન

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં ટી.પી.૧૩ (અડાજણ)માં એલ.પી.સવાણી રોડ થી પાલનપુર જકાતનાકા જતાં મંગલદિપ એપાર્ટમેન્ટ, મંગલતીર્થ એપાર્ટમેન્ટ અને વૃંદાવન, સંત જ્ઞાનેશ્વર, દિનદયાળ સોસાયટી, હિદાયતનગર વિગેરે અનેક સોસાયટીઓ પાસેથી જતાં ૮૦'ના મુખ્ય માર્ગ ઉપર શાકભાજીવાળા ફેરીયાઓનું નિયમિત દબાણ રહેતુ હતું. આ વિસ્તારનો ખુબ જ વિકાસ થવાથી અને અનેક નવી સોસાયટીઓ તથા એપાર્ટમેન્ટ બનવાથી આ વિસ્તારની આશરે ૫૦૦૦૦થી વધુ જનતાને શાકભાજી માર્કેટની જરૂર હતી. જે જરૂરીયાતને અનુલક્ષીને સુરત મહાનગરપાલિકાએ સને ૨૦૦૫–'૦૬માં આ વિસ્તારમાં આવેલા ફાયનલ પ્લોટ નં. ૨૨૮ના અનામત પ્લોટમાં એંગલ શેડ સહિત તથા 'પે એન્ડ યુઝ' ટોયલેટ બ્લોક, યુરીનલ સહિત અને પાકા રસ્તા, કંપાઉન્ડ તથા સ્ટ્રીટ લાઈટ સહિત અને પાર્કીંગની ખાસ સુવિધા સહિત શાકભાજી માર્કેટનું આયોજન કરી તાજેતરમાં બાંધકામ પૂર્ણ કરેલ છે. જે માર્કેટને સુરત મહાનગરપાલિકાની સાંસ્કૃતિક સમિતિ મારફત સામાન્ય સભાએ '' સરોજીની નાયડુ શાકમાર્કેટ '' નામકરણ પણ કરેલ છે. આ માર્કેટમાં ૬ ફુટ × ૭ ફુટની સાઈઝના કુલ–૧૩૦ સ્ટોલનું આયોજન છે. જેમાં અંદાજે રૂા. ૨૦ લાખનો ખર્ચ થયેલ છે.



તા. ૨૭–૨–૨૦૦૭ના રોજ આ વિસ્તારમાં ૮૦' મુખ્ય માર્ગ ઉપર વર્ષોથી ભરાતા શાકભાજી માર્કેટના ફેરીયાઓનો પશ્ચિમ ઝોનના આરોગ્ય વિભાગે અગાઉ સર્વે કરેલ, તે મુજબ આ ફેરીયાઓને સવારે ૧૦.૦૦ કલાકે પટેલ પ્રગતિ મંડળની વાડીમાં બોલાવી ઓટલાની ફાળવણી માટે જાહેર ડ્રો કરવામાં આવેલ હતો. આ જાહેર ડ્રો આ વિસ્તારના મ્યુ. સદસ્યશ્રી અને સ્થાયી સમિતિ સભ્યશ્રી મુકેશભાઈ દલાલ, મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલ, કાર્યપાલક ઈજનેરશ્રી (પશ્ચિમ ઝોન) અને આસી. આરોગ્ય અધિકારીશ્રી (પશ્ચિમ ઝોન)ની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. આ જાહેર ડ્રો માં લાભાર્થીઓને ઓટલા ફાળવણીના શરતો અને નિયમોની સમજ આપવામાં આવેલ તથા નવા સ્થળે લાભાર્થી ફેરીયાઓને એસોસીએશન બનાવી શાકભાજી માર્કેટને સામુહીક રીતે સફળ બનાવવા ખાસ સૂચના આપવામાં આવેલી અને તા.૨૭–૨–૨૦૦૭ના રોજથી જ નવા સ્થળે સ્થળાંતર કરવા માટે તાકીદે કરેલી છે. આ સ્થળાંતરથી ૮૦'ની સરિયામ મુખ્ય માર્ગ ઉપર થતું દબાણ કાયમ માટે દુર થનાર છે.

હાલમાં, થોડા દિવસો પહેલાં જ પશ્ચિમ ઝોન (રાંદેર) ધ્વારા ભુલકાભવન સ્કુલની પાછળ ''કસ્તુરબા ગાંધી શાકમાર્કેટ'' નું સફળ આયોજન પૂર્ણ કરેલ છે. ત્યારબાદ તુરંત જ તા. ૨૭–૨–૨૦૦૭ના રોજ પાલનપુર જકાતનાકા વિસ્તારની ગીચવસ્તીવાળા વિસ્તારમાં આ નવા ''સરોજીની નાયડુ શાકમાર્કેટ'' નું આયોજન સફળ બનાવેલ છે. આ કામગીરી ઝોનલ ચીફશ્રી સુચના તથા ઝોનલ ઓફિસરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વોર્ડના મ્યુ. સદસ્યશ્રીઓના સહકાર અને આસી. આરોગ્ય અધિકારીશ્રી તથા તેમના સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ તથા રાંદેર પોલીસ સ્ટેશનના સ્ટાફની મદદથી શાંતિપૂર્ણ રીતે સફળતા પૂર્વક સંપન્ન કરેલ છે.

TOP

## નિર્મળ ગુજરાત–૨૦૦૭ અંતર્ગત તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન

નિર્મળ ગુજરાત વર્ષ–૨૦૦૭ નિમિત્તે નોર્થઝોન (કતારગામ)માં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ તથા જનજાગૃતિ અભિયાન પદાધિકારીઓ, અધિકારીઓ તથા લોકભાગીદારી કરી યોજાયો. તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ મા. મેયરશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, રૂગ્ણાલય સમિતિના ચેરમેનશ્રી, ઉદ્યાન સમિતિના ચેરમેનશ્રી તથા ઝોનના મ્યુ. સભ્યશ્રીઓએ ઝોનના ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ડે. ઈજનેરશ્રી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ તથા કામદારો સાથે રહીને કતારગામ ગામ તળ વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન સફળતાપૂર્વક પાર પાડેલ છે. જે અંતર્ગત કુલ–૮ ટીમો ધ્વારા કતારગામ બસ સ્ટેન્ડ, ફાયર સ્ટેશન રોડ, ગામતળના કાંસાનગર, દેસાઈ ફળીયા, મહાવેદ ફળીયુ, જૈન દેરાસર વિસ્તાર, હનુમાન ફળીયુ, મોચીવાડ, મીનાક્ષીવાડી, ભરતનાથ મંદિર, હળપતિવાસ, કંતારેશ્વર મહાદેવ મંદિર આસપાસ વિગેરે વિસ્તારમાં ઘનિષ્ઠ સ્ક્રેપીંગ/બ્રશીંગ સહીત સફાઈ કામગીરી કરવામાં આવેલ. સાથે આરોગ્ય વિષયક લોકજાગૃતિ અર્થે પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ. તેમજ ફાઈલેરીયા–મેલેરીયા વિભાગ ધ્વારા મેલેરીયા અંગેની જાણકારી તેમજ લાઈવ ડેમોસ્ટ્રેશન ધ્વારા લોકોને માહિતગાર કરવામાં આવેલ છે. પદાધિકારીશ્રીઓએ સક્રિય રહીને આ ઝુંબેશમાં શ્રમદાન કરેલ, તે જોઈને સ્થાનિક નાગરીકો પણ સ્વયંમ અભિયાનમાં જોડાઈને પોતાના વિસ્તાર સ્વચ્છ કરવામાં સહકાર આપેલ છે.



TOP

## તા. ૨૮–૨–૨૦૦૭ના રોજ વિટામીન 'એ' ના બાય એન્યુઅલ રાઉન્ડનો ઉદ્‌ઘાટન સમારંભ



ભારત સરકારના આદેશ મુજબ વિટામીન 'એ'ના બાય એન્યુઅલ રાઉન્ડ માહે ફેબ્રુઆરી તથા માહે ઓગષ્ટ દરમ્યાન યોજવામાં આવે છે. વિટામીન 'એ' રોગ પ્રતિકારક શકિત વધારે છે. બાળકોની આંખો સ્વસ્થ રાખવા અને તેમના શારીરિક વિકાસ અને વૃધ્ધિ માટે વિટામીન 'એ' જરૂરી છે. જેથી ૧ થી ૩ વર્ષ સુધીના તમામ બાળકોને દર વર્ષે વિટામીન 'એ' ના ડોઝ ફેબ્રુઆરી તથા ઓગષ્ટ માસમાં પીવડાવવામાં આવે છે. જે આ રાઉન્ડનો હેતુ છે.

આ ઉપરાંત રોજીંદા આહારમાં નિયમિતરૂપે પુરતી માત્રામાં વિટામીન 'એ' યુકત ખાધપદાર્થો, શાકભાજી, ફળોનો ઉપયોગ કરવો જરૂરી છે.

**આ વર્ષે વિટામીન 'એ'નો ફેબ્રુઆરી રાઉન્ડ ૨૦મી ફેબ્રુઆરી થી ૨૧ માર્ચ દરમ્યાન યોજાયેલ છે.** આ દરમ્યાન સુરત શહેરની ૧ થી ૩ વર્ષનાં અંદાજીત ૧,૩૮,૨૦૦ બાળકોને વિટામીન 'એ'ના ડોઝ પીવડાવવામાં આવશે. આ કાર્યક્રમનો બહોળો પ્રચાર થાય અને શહેરનાં નગરજનોને આ કાર્યક્રમ અંતર્ગત શહેરનાં કુલ ૨૭ શહેરી આરોગ્ય કેન્દ્રો/ આંગણવાડી તથા પીડીયાટ્રીશ્યનનાં કલીનીક ખાતે વિટામીન 'એ' નો ડોઝ પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનો બહોળો પ્રચાર થાય તે માટે તા. ૨૮–૨–૨૦૦૭નાં રોજ રાંદેર વિસ્તારમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે મા. મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીએ રેલીનું પ્રસ્થાન કર્યુ હતું. આ પ્રસંગે મા. ડે. મેયર શ્રીમતિ સુષ્માબેન અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, ઋગ્ણાલય સમિતિ અધ્યક્ષશ્રી ડો. જગદીશ પટેલ, આરોગ્ય સમિતિ અધ્યક્ષ ડો. વિનોદ પાટીલ, રાંદેર વિસ્તારનાં સ્થાનિક મ્યુ. સદસ્યશ્રીઓ, ડે. કમિશ્નરશ્રી (હે. અને હો.) ડો. આઈ. સી. પટેલ, આરોગ્ય અધિકારીશ્રી ડો. હેમંત દેસાઈ, રાંદેર ઝોનનાં ઝોનલ ચીફ શ્રી એમ. ડી. દારૂવાલા, નાયબ આરોગ્ય અધિકારી (પી.એસ.એચ.) ડો. વી. વી. પરમાર, આસી. આરોગ્ય અધિકારી (રાંદેર ઝોન) ડો. અજીત ભટ્ટ, શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરો/પેરા મેડીકલ સ્ટાફ, આંગણવાડી સુપરવાઈઝર/કાર્યકરો/હેલ્પરો, પી.એસ.એચ. વિભાગના કાઉન્સીલરો, ડીસ્ટ્રીકટ એક્ષ્ટેન્ડર (એમ. આઈ. પ્રોજેકટ–સુરત) શ્રીમતિ હેતલબેન ટાઢાણી, રાંદેર વિસ્તારની ન.પ્રા.શિ.સમિતિની શાળા તથા અન્ય માન્ય શાળાના શિક્ષકો/વિદ્યાર્થીઓ તથા અન્ય અધિકારી કર્મચારી ઉપસ્થિત રહયા હતા.

રેલી રાંદેર શહેરી આરોગ્ય કેન્દ્ર થી પીપરડીવાળા સ્કુલ થઈ કીર્તિનગર–શંકરનગર થઈ સોના હોટલ સામેથી પાલનપુર પાટીયા–દ્વારકાધીશ સોસાયટી–પાલનપુર રોડ–સીમા નગર થઈ કૃષ્ણકુંજ સોસાયટી વોર્ડ ઓફિસ સુધીના વિસ્તારમાં ફરી હતી.

**નાગરીકોને વિનંતી કરવામાં આવે છે કે ૧ થી ૩ વર્ષનાં બાળકોને ૨૧ માર્ચ સુધી શહેરી આરોગ્ય કેન્દ્ર/આંગણવાડી કેન્દ્રો ખાતે વિટામીન 'એ' પીવડાવશો.**

TOP